# પ્રજા પીડાતી હોય ત્યારે રાજકીય તાયફા ના શોભે

## મુક્તિધામ કે રૂદ્રભુમિમાંથી ઉઠતી મોતની ચીસો પણ પ્રચારકોને સંભળાતી નથી : હવે, બંધ કરો, ભગવાન ખાતર ચૂંટણી મોકુફ રાખો - એવી પ્રજાની બુલંદ બનતી માંગ

**સમયસર**


ગાંધીનગરમાં કોરોનાની સ્થિતિ અતિ ગંભીર બની રહી છે. સારવાર માટે હોસ્પિટલો હાઉસફુલ છે... અગ્નિ સંસ્કાર માટે અંતિમ ધામોમાં લાઈન છે... સરકાર ચિંતામાં ગળાડૂબ છે... સમાજમાં ભારે ગભરાટ છે... અને કોરોનાથી સંક્રમિત દર્દીઓ સારવાર માટે કણસે છે... આમ ચિંતા... ચિંતા...ચિંતા... ચારેબાજુ વ્યાપક છે. ત્યારે ગાંધીનગરના રાજકીય પક્ષો અને આવતીકાલના નગરસેવકો જીંદાબાદ જીંદાબાદમાં ગળાડૂબ છે. પક્ષોના ઝંડા-ફંડા લઈ ઘેર ઘેર ઘુમે છે અને કોરોનાના સુપર સ્પ્રેડર બની ગયા છે. ત્યારે ચૂંટણી મોકુફ રાખવી એજ એક માત્ર ઈલાજ છે.

સાહેબ..! ગાંધીનગરની હાલત તો જુઓ. દર દસમાં પરિવારે એક પરિવાર કોરોનાથી સંક્રમિત છે. તો બે પરિવારો શંકાસ્પદ હાલતમાં દિવસ પસાર કરે છે. વહિવટીતંત્રના આંકડા જે કહેતા હોય તે પરંતુ શહેરના વરિષ્ઠ ફિઝીશીયનો એમ કહે છે કે આજકાલ ઓછામાં ઓછા ૧૫૦૦ થી ૧૮૦૦ કેસ ગાંધીનગરમાં કોરોના પોઝીટીવ છે. ૭૦૦ થી વધુ સરકારી-બિન સરકારી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. જ્યારે બાકીના હજાર-બારસો હોમ આઈસોલેશનમાં ઘરે બેસી સારવાર લઈ રહ્યાં છે. આજે પણ ૧૫૦ થી ૨૦૦ કોરોનાના દર્દીઓ સારવાર માટે હોસ્પિટલોમાં બેડ મેળવવા જાતજાતની અને ભાતભાતની ઓળખાણો શોધે છે. ત્યારે અમારા રાજકીય આગેવાનો ચૂંટણીના પ્રચારમાં મદમસ્ત છે. એમના બહેરા કાને ગાંધીનગર પ્રજાની વેદના નથી સંભળાતી કે નથી સમજાતી. રોજ ઈન્ફોસીટી ક્લબમાં ભાજપની અલગ-અલગ સમાજોની બેઠકો યોજાય છે અને રસ-પુરીના ભોજન પીરસાય છે. મુક્તિધામ કે રૂદ્રભુમિમાંથી ઉઠતી મોતની ચીસો આમને અટકાવતી નથી. ભાજપ હોય કે કોંગ્રેસ, ચા-ચવાણા વહેચવામાં અને ગોટા ભજીયા ઉતારવાની વ્યવસ્થામાં ઓતપ્રોત છે. અત્યારે તો પ્રજાના દિલ જીતવા હોય તો તમારા પક્ષોના માધ્યમથી અમારા નેતાઓ ને આકાઓને ચૂંટણી બંધ રખાવવા માટે સમજાવો એજ શહેરની મોટી સેવા થશે. લખી રાખો તમે પ્રજા પીડાતી હોય ત્યારે ચૂંટણીઓ ના શોભે. પ્રજા બહિષ્કાર કરશે અને આજે નહિ પણ આવતીકાલે પણ માફ નહી કરે. આજે જરૂર છે સારવારની... વ્યવસ્થાની... અને સેનેટાઈઝેશનની તથા દવાઓ અને દુવાઓની. ચૂંટણીઓના તાયફાઓ બંધ રાખી શહેર આખુ કોરોનામાં સબડી રહ્યું હોય ત્યારે સહાનુભુતિનું વાતાવરણ ઉભુ કરવાની તાતી જરૂર છે.

સાહેબ..! ચૂંટણી ન બંધ રખાય એ વાત ઘડીભર માની લઈએ પણ અસાધારણ સંજોગોમાં બધું જ કરી શકાય એવી બંધારણીય જોગવાઈ છે. એક તરફ પ્રજા કણસતી હોય... મોતના મુખમાં ધકેલાતી હોય... ત્યારે મત માંગવા અને મત આપવા કેટલું વ્યાજબી ગણી શકાય. રાજ્ય સરકારે ખાસ વટહુકમ બહાર પાડી ૩ મહિના માટે તાત્કાલિક અસરથી ચૂંટણી બંધ રાખવી જોઈએ. શાસક પક્ષના ચાર ઉમેદવારો અને ૧૧ આગેવાનો કોરોનામાં સપડાયા છે અને હજુ તો દસ દિવસના પ્રચાર અભિયાનમાં ભાજપ કે કોંગ્રેસના ઉમેદવારોની અને સમર્થકોની કેવી સ્થિતિ ઉભી થશે તેની કલ્પના કરવી જરૂરી છે. આમ આદમી પાર્ટી જેવા પક્ષોએ પણ ચૂંટણી મોકુફ રાખવા પંચ સમક્ષ માંગણી કરી છે. શહેરની અગ્રણી સંસ્થાઓએ પણ ચૂંટણી મોકુફ રાખવા ઉગ્ર રજુઆત કરી છે. જ્યારે શહેરની સામાન્ય જનતાને તો ચૂંટણીનો સહેજ પણ ઉમળકો નથી. સત્તાની રમત અત્યારે ના શોભે... રાજકારણના કાવાદાવા અત્યારે ના શોભે... પાડવાની ને પાડી દેવાની રમતો હમણાં થંભાવી દો. રાજ્ય સરકારને અને ચૂંટણી પંચને ગાંધીનગરની પ્રજા વિનંતી કરે છે કે કોઈપણ ભોગે-સંજોગે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી મોકુફ રાખી કોરોના સામેની લડાઈમાં સરકાર અને સમાજ ખભે-ખભો મીલાવી એક-મેકને પૂરક બને એજ સમયની માંગ છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




બીજો ડોઝ લેવા આવો તે પહેલા... પાન કાર્ડ અને આધાર કાર્ડ મર્જ કરાવીને આવજો...!

# કોરોના ટેસ્ટ કરાવવા જતા યુવકનું ૭-૮ પાસે અકસ્માતમાં મૃત્યુ

## છેલ્લા બે વર્ષથી શહેરમાં રહીને બનાસકાંઠાનો યુવાન સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતો હતો

ગાંધીનગર, તા.૮

કોરોના ટેસ્ટ કરાવવા જતા યુવકને માર્ગમાં અકસ્માત નડ્યો હતો. ચ માર્ગ પર સેકટર-૭-૮ ના કટ પાસે અજાણી કારની ટકકરે બનાસકાંઠાના યુવકનું મૃત્યું નિપજયુ હતું. અકસ્માતને પગલે યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ ખાતે સારવાર દરમિયાન મૃત્યું થયુ હતું. છેલ્લા બે વર્ષથી મિત્રો સાથે ભાડાના મકાનમાં રહીને યુવક સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતો હતો. યુવકના અચાનક મૃત્યુને પગલે ગામ ઈસરવામાં અને મિત્રવર્તુળમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે ગુનો નોંધી સેકટર-૭ પોલીસે અજાણ્યા વાહન ચાલકને પકડી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ બનાસકાંઠાના કાંકરેજ તાલકુના ઈસરવા ગામના રામચંદભાઈ પ્રજાપતિના પરિવારમાં પત્નિ તેમજ એક દિકરો-દિકરી છે. ખેતીકામ કરતા પિતાનો દિકરો નિકુલ છેલ્લા બે વર્ષથી સરકારી નોકરી મેળવવા માટે ગાંધીનગર સેકટર-૨ સી પ્લોટ નં.૮૯૩-૧ ખાતે પોતાના મિત્રો સાથે રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરી રહ્યો હતો. નિકુલને છેલ્લા કેટલાક દિવસથી તાવ આવતા ઘરે રહીને દવાઓ લેતો હતો. પરંતુ તાવમાં ખાસ કંઈ ફરક પડતો ન હતો. જેને પગલે પોતાનો કોરોના રિપોર્ટ નીકાળવા માટે નિકુલ પોતાના મિત્ર વરુણનું એકટીવા નં.જી.જે.૧૮.ડી.એ.૨૦૪૯ સેકટર-૨૧ ખાતે આવેલા કોરોના ટેસ્ટીંગ ખાતે જઈ રહ્યો હતો. તે દરમિયાન પોણા બાર વાગ્યાના અરસામાં ચ-૨ થી ચ-૩ તરફ જતા સેકટર-૭-૮ ના કટ પાસે અજાણ્યા વાહને નિકુલના એકટીવાને ટક્કર મારી ભાગી ગયો હતો. અકસ્માતમાં નિકુલ એકટીવા પરથી નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક વાહન ચાલકો એકઠા થઈ જતા યુવકને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો.જયા સારવાર દરમિયાન યુવકનું પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતું. પોતાના વ્હાલસોયા પુત્રના મૃત્યુના સમાચાર જાણીને પરિવાર સહિત ગામમાં શોકની કાલીમાં છવાઈ ગઈ હતી. બનાવ અંગે અનિલ ચેલાભાઈ પ્રજાપતિની ફરીયાદ નોંધી ફરાર કાર ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણે આજે શહેરની ચાર ખાનગી હોસ્પિટલની મુલાકાત લઈ અને ત્યાં ઉપલબ્ધ બેડની જાણકારી મેળવી હતી.
- રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીને આજે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી કોરોનાની સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર મનપા વિસ્તારમાં આજે ૮૬૦ જેટલા એન્ટીજન અને ૪૩૮ જેટલા આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં મનપાની ચૂંટણી બંધ રાખવા માટે સોશ્યલ મિડિયામાં ખાસ ઝુંબેશ શરૂ થઈ છે.
- કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાને લઈ સે. ૩-ડી માં આવેલ સાંઈબાબાનું મંદિર તા. ૩૦ મી એપ્રિલ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આજે મનપાના ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટર સાથે ચૂંટણીને લઈ સર્વગ્રાહી સમીક્ષા કરશે.
- ગાંધીનગર કલેક્ટર કચેરી સહિત તમામ તાલુકાઓમાં ૧૨મી એપ્રિલના રોજ જનસેવા કેન્દ્રો બંધ રહેશે.

# માહિતી નિયામકની કચેરીની વિવિધ સંવર્ગની ભરતી માટેની પ્રિલિમિનરી પરીક્ષા મોકૂફ

### કોવિડ-૧૯ના વધી રહેલા સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઇ અન્ય સૂચના પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પરીક્ષાઓ મોકૂફ રાખવા નિર્ણય

ગાંધીનગર, તા. ૮

માહિતી નિયામક કચેરી હસ્તકની નાયબ માહિતી નિયામક (વર્ગ-૧), સહાયક માહિતી નિયામક (વર્ગ-૨) તથા સિનિયર સબ-એડિટર(વર્ગ-૩) તથા માહિતી મદદનીશ (વર્ગ-૩)- એમ વિવિધ સંવર્ગની ભરતી સંબંધિત ઓજસ પર પ્રસિદ્ધ કરવામાં આવેલી જાહેરાતો અનુક્રમે ૨/૨૦-૨૧ અને ૧/૨૦-૨૧, તા.૨૨/૦૧/૨૦૨૧ના રોજ બહાર પાડવામાં આવી હતી.

ઉક્ત વિવિધ સંવર્ગ માટેની પ્રિલિમિનરી પરીક્ષા તા.૧૦ એપ્રિલ, ૨૦૨૧ના રોજ યોજાનાર હતી પરંતુ કોવિડ-૧૯ના વધી રહેલા સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લેતા સાવચેતીના ભાગરૂપે આ પ્રિલિમિનરી પરીક્ષાઓ અન્ય સૂચના પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોકૂફ રાખવામાં આવે છે.

આ પરીક્ષાની નવી તારીખ અંગેની વિગતો માટે ઓજસ તથા માહિતી ખાતાની વેબસાઈટ www.gujaratinformation.gujarat.gov.in જોતા રહેવાની ઉમેદવારોને અનુરોધ કરવામાં આવે છે.

# વાવોલ ચોકી પોલીસ ટીમ દ્વારા અકસ્માતનો ભેદ ઉકેલાયો






ગાંધીનગર, તા.૮

વાવોલ- પુન્દ્રાસણ માર્ગ પર રાધેશ્યામ પાર્ટી પ્લોટ સામે એકટીવા લઈને જઈ રહેલા વાસુદેવભાઈ સોમાભાઈ રામી (તરપોજ વાસ વાવોલ) ને અજાણ્યા વાહને ટક્કર મારી હતી. આ બનાવમાં વાસુદેવભાઈ રામીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને પગલે તેઓને સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારે તા.૪-૪-૨૧ ના રોજ સવારે ૧૦.૩૦ વાગે તેઓને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગુનો નોંધાતા ટક્કર મારી નાસી જનાર વાહન અંગે વાવોલ ચોકી ઈન્ચાર્જ પીએસઆઈ ડી.એન.પરમાર માર્ગદર્શન હેઠળ વાવોલ ચોકીના જવાનોએ સ્થળ પર જઈ તપાસ કરી આસપાસના વ્યકિતઓની પુછતાછ કરી હતી. ત્યારબાદ ટેકનીકલ એનાલિસીસ કરતા અકસ્માત કરી નાસી જનાર બોલેરો પીકઅપ ડાલુ જી.જે.૦૧.એચ.ટી.૭૩૯૨ના ચાલક આકાશ સુધરસિંહ નરવરીયા (રહે. ગોતા હાઉસીંગ બ્લોક નં.૧૫૧ મ.નં.૨૨-૮૨ જુની પાણીની ટાંકી સોલા અમદાવાદ)ને પકડી પાડી પીએસઆઈ ડી.એન.પરમારે આગળની તપાસ હાથ ધરી છે.



શ્રી જલીયાણ સેવા ગૃપ દ્વારા ક્રિષ્ના વૃધ્ધાશ્રમના વડીલોને નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેઓનું સ્વાસ્થ્ય સારું રહે તેવી શુભ ભાવના પણ વ્યકત કરવામાં આવી હતી.

# અક્ષરધામ સંકુલ આગામી ૩૦ એપ્રિલ સુધી બંધ રહેશે

ગાંધીનગરમાં કોરોના સંક્રમણે માજા મુકી છે. જેના કારણે ચિંતાજનક સ્થિતિ સર્જાવા પામી છે. પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને ફરી એકવાર શહેરનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અક્ષરધામ સંકુલ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અક્ષરધામ મંદિર સંચાલકો દ્વારા આગામી તા. ૩૦મી એપ્રિલ શુક્રવાર સુધી બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના લોકડાઉન દરમ્યાન પહેલીવાર અક્ષરધામ સંકુલને દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યુ હતુ તે પછી ફરી એકવાર સંકુલ બંધ કરવાનો નિર્ણય સતત વધી રહેલા કોરોના સંક્રમણને પગલે કરવો પડ્યો છે.

## મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં રહેતા

# મંદબુદ્ધિના એક પરિવારના મોભી ગણાતા પિતાનું અવસાન થતાં ભાઈ-બહેન નિરાધાર બન્યા

મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં એક પરિવારના ત્રણેય મંદબુદ્ધિના સભ્યોમાં ખાડિયા ભોળા ભગવાનના સહારે હોય તેવી પ્રતિતી થવા પામી. જેમાં ૮મી એપ્રિલના રોજ રાજેન્દ્રભાઈ મોદીને



અમદાવાદ મૂળ રહેવાસી બિનવારસી ૭૧ વર્ષીય રાજેન્દ્રભાઈ મોદી તેમના પુત્ર જીતુભાઈ મોદી તથા પુત્રી હેમાનીબેન ૩૮ વર્ષીય ત્રણેય વૃધ્ધાશ્રમમાં દસ વર્ષથી જીવન પસાર કરી રહ્યા હતા. ત્યારે કુદરતની કરામત મુજબ ત્રણેય આશ્રિતોના કોઈપણ પ્રકારની તકલીફ વિના સ્વર્ગવાસી થયા ત્યારે તેમના બંને પુત્ર-પુત્રી એટલે ભાઈ-બહેન પિતાની છત્રછાયા ગુમાવતા નિરાધાર બન્યા. વૃધ્ધાશ્રમ સંસ્થા દ્વારા સ્વર્ગસ્થની અંતિમવિધિ પોતાના સ્વજનની જેમ કરવામાં આવી. કેવી કર્મની કઠણાઈ!

# સરકારી કચેરીઓમાં કર્મયોગીઓની પાંખી હાજરી

### સરકારી કચેરીઓમાં કોરોનાના વધતા કહેર વચ્ચે મોટાભાગના અધિકારીઓ ઘરેથી જ કામ નિપટાવે છે : અમદાવાદથી અપડાઉન કરતા કર્મચારીઓ પણ ઓફિસમાં હાજરી આપવાનુ પસંદ કરતા નથી

ગાંધીનગરમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. સેકટરોમાં શેરીએ શેરીએ કોવિડના દર્દીઓ છે. જયારે નગરની ખાનગી અને સિવિલ હોસ્પિટલો પણ કોવિડ દર્દીઓથી ચિક્કાર છે. આવા સંજોગોમાં ઘરની બહાર નિકળવુ સલાહભર્યુ નથી પરંતુ છેલ્લા એક વર્ષથી કોરોનાના કહેર યથાવત છે ત્યારે પ્રારંભિક તબક્કાના લોકડાઉન બાદ હાલ કોરોનાથી બચવા માટે સરકારે કેટલાક નિયંત્રણો સાથે ગાઈડલાઈન પણ જારી કરી છે. રાજયના ૨૦ શહેરોમાં રાત્રિ કરફયુ પણ અમલમાં મુકાયો છે. ત્યારે કોરોનાના કહેરથી બચવા માટે કેટલાક વિસ્તાર અને સોસાયટીઓએ સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરી દીધુ છે. બીજીતરફ ગાંધીનગરમાં એકબાજુ ચુંટણી માથે છે. ત્યારે રાજકીય પક્ષોના પ્રચાર વચ્ચે કોરોનાનો ભય પણ માંથે મંડરાયેલો છે. આવા સંજોગોમાં કોરોનાના સંક્રમણથી બચવા માટે સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ પણ હવે ઓફિસમાં આવવાનુ ટાળી રહ્યા છે. દિવસ દરમિયાન નગરની વિવિધ સરકારી કચેરીઓમાં કર્મચારીઓ અને અધિકારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે. કચેરીઓમાં કામસર આવતા મુલાકાતીઓને પણ અધિકારીઓ મળતા નથી જયારે મોટાભાગની કચેરીમાં અધિકારીઓની ગેરહાજરી જોવા મળી રહી છે. સરકારી બાબુઓ ઘરે જ આરામ ફરમાવી રહ્યા હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. કોરોનાનુ સંક્રમણ વધ્યુ છે ત્યારે કર્મચારીઓ તેમજ અધિકારીઓ પણ ઘરે રહીને ફોન મારફતે જ સતત કામ નિપટાવાના પ્રયાસોમાં વ્યસ્ત રહેતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. કચેરીમાં અધિકારીની નીચેના કર્મચારીઓ સહીતનો સ્ટાફ પણ સાહેબ નથી તેમ જણાંવી આ વાતનો સ્પષ્ટ સંકેત આપી રહ્યા છે. કોરોનાનુ સંક્રમણ લાગ્યુ હોય કે નહી પરંતુ સરકારી કચેરીમાં હાલ હાજરી આપવાનુ અધિકારીઓને સલામતીભર્યુ લાગતુ નથી. એક યા બીજા બહાને પણ અધિકારીઓ અને કર્મચારીઓ કચેરીમાં આવવાનુ ટાળી રહ્યા છે. જયારે અમદાવાદથી આવતા કર્મચારીઓ પણ આવા સંજોગોમાં કચેરીમાં આવવાનુ પસંદ કરતા નથી કોરોનાના કહેર વચ્ચે નગરની સરકારી કચેરીઓમાં એકબાજુ ૫૦ ટકા કર્મચારીઓ સાથે કામ ચલાવવાનો નિર્ણય લેવાય તેવી માંગ પણ પ્રબળ બની છે.

# સરકારી કચેરીઓમાં ૫૦ ટકા કર્મચારીઓથી કામ ચલાવો : એસોસિએશન

### કોરોના સંક્રમણના મામલે હોટ સ્પોટ બનતા સચિવાલયને અનુલક્ષી કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ માટે છુટ આપવા પણ ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસિએશનની મુખ્યમંત્રીને રજુઆત

ગાંધીનગર તા ૮

કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. સંક્રમિત દર્દીઓની સાથે મૃત્યુઆંક પણ ઉંચો આવતા કોરોનાનો કહેર સૌ કોઈમાં ફફડાટ પ્રવર્તાયો છે. ગાંધીનગરમાં પણ કોરોનાના કેસ રોજબરોજ વધી રહ્યા છે. જયારે સચિવાલયમાં પણ કર્મચારીઓ અને અધિકારીઓ કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ કોરોના સંક્રમિત કર્મચારીઓ અધિકારીઓની સંખ્યા વધી રહી છે. સચિવાલય સંકુલ કોરોનાની દ્રષ્ટીએ હોટસ્પોટ બનવા જઈ રહ્યુ છે. ત્યારે સરકારી કચેરીઓમાં ૫૦ ટકા હાજરીથી કામ ચલાવવા માટે અને વર્ક ફ્રોમ હોમની વ્યવસ્થા કરવામાં આવે તેવી રજુઆત સચિવાલય સેકશન અધિકારી એસોસિએશને મુખ્યમંત્રીને કરી છે.

ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસિએશનના પ્રમુખ જયેશ રાવલે જણાંવ્યા મુજબ હાલ કોરોનાનુ સંક્રમણ સતત વધી રહ્યુ છે. રાજય સરકાર દ્વારા ૨૦ શહેરોમાં રાત્રિના ૮ થી સવારના ૬ વાગ્યા સુધી રાત્રિ કરફયુ જાહેર કર્યો છે. જયારે રાજય સરકારની કચેરીઓમાં શનિ રવિની રજા જાહેર કરી છે. હાલ કોરોનાના મામલે દેશ અને રાજયની પરિસ્થિતિ ગંભીર બની છે. ત્યારે કોરોનાના સંક્રમણની સાંકળને તોડવી અનિવાર્ય બની છે. આ સંદર્ભે ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસિએશનને પણ રજુઆત કરી છે. જેમાં જણાંવાયા મુજબ કોરોનાની ગંભીર સ્થિતિને ધ્યાને લઈ ગત વર્ષે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આવશ્યક સેવા સિવાયના વિભાગો બંધ રાખવા અથવા ૫૦ ટકા હાજરી અથવા ત્રીજા ભાગના કર્મચારીઓ રોટેશનમાં હાજર રહે તેવી વ્યવસ્થા કરી હતી જયારે આ મુજબ હાલની સ્થિતિમાં પણ યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે અનિવાર્ય છે. ગાંધીનગરમાં કોરોનાએ કહેર મચાવ્યો છે. શહેરમાં અનેકવિધ સરકારી કચેરીઓ પણ ધમધમી રહી છે. જયારે સરકારી કચેરીઓમાં પણ ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહીતના વિવિધ શહેરોમાં કર્મચારીઓ આવે છે. જયારે મુલાકાતીઓ પણ સમગ્ર રાજયમાંથી આવતા હોય છે. આવા સંજોગોમાં એક વિભાગમાં કર્મચારી સંક્રમિત થાય તો અન્ય કર્મચારીઓ પણ કોરોનાની ઝપટે ચઢે છે. ત્યારે આ બાબતને વધુ ગંભીરતાથી લેવાની અનિવાર્યતા છે. હાલ સચિવાલયના વિવિધ વિભાગોમાં ઘણાં કર્મચારીઓ અને અધિકારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. સચિવાલય કોરોનાનુ હોટસ્પોટ બની રહ્યુ છે. આ ગંભીર સ્થિતિને ધ્યાને લઈ તકેદારીના ભાગરૂપે કચેરીઓમાં ૫૦ ટકા હાજરી સાથે કામ થાય તેવી યોજના કરવી જોઈએ.

મો. ૯૮૨૫૦ ૩૮૩૭૮
www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
ચૂંટણી પત્રિકા, પેમ્ફલેટ અરજન્ટમાં પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.